માઉન્ટ આબુમાં તાપમાન માઈનસ બે ડીગ્રી થતા પાણી થીજી ગયું: સહેલાણીઓ ઠૂંઠવાયા

બરફીલા પવનોને કારણે ઉત્તર ભારતમાં હાડ થીજાવતી ઠંડી: બરફવર્ષા: જનજીવન ઠપ્પ

નવી દિલ્હી તા. ૫: બરફીલા પવનોને કારણે સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીની ધ્રુજી ઊઠ્યું છે. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી સહિતના રાજ્યોમાં ઠંડીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે અને જનજીવન ખોરવાયું છે. બરફવર્ષા થઈ રહી છે.

ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ફૂંકાતા બર્ફીલા પવનોને કારણે ઉત્તર ભારતમાં હાડ થીજવણી ઠંડી શરૂ થઈ ગઈ છે. ગુરુવારે ઠંડા દિવસની તીવ્ર સ્થિતિએ લોકોને દિવસભર ધ્રુજારી આપી હતી અને મહત્તમ તાપમાન ૧૨-૧૮ ડીગ્રી સેલ્સિયસની વચ્ચે રહ્યું હતું. જે સિઝન માટે સામાન્ય કરતાં અનેક ડીગ્રી ઓછું છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે, સતત વાદળછાયું આકાશ અને દિવસ દરમિયાન સૂર્ય દેખાતો ન હોવાને કારણે પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ અને ઉત્તર મધ્ય પ્રદેશના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૨-૬ ડીગ્રી સેલ્સિયસ ઓછું નયું છે. જો મહત્તમ તાપમાન સિઝનનો સામાન્ય કરતા ૪.૫-૬.૪ ડીગ્રી ઓછું હોય તો ઠંડા દિવસ જાહેર કરવામાં આવે છે. જો તાપમાન સામાન્ય કરતા ૬.૫ ડીગ્રી ઓછું હોય તો તીવ્ર ઠંડીનો દિવસ જાહેર કરવામાં આવે છે. દિલ્હીની સફદરજંગ વેધશાળામાં મહત્તમ તાપમાન ૧૨.૫ ડીગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતા ૬.૮ ડીગ્રી ઓછું છે.

હરિયાણાના હિસારમાં મહત્તમ તાપમાન ૧૨ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ સિઝનમાં સામાન્ય કરતા ૬.૮ ડીગ્રી ઓછું છે. મધ્યપ્રદેશના ભોપાલમાં મહત્તમ તાપમાન ૧૬.૭ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે સામાન્ય કરતા ૭.૩ ડીગ્રી ઓછું છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ગરમ અને ભેજવાળા દક્ષિણ-પશ્ચિમ પવનોને કારણે રવિવાર પછી લઘુતમ અને મહત્તમ તાપમાનમાં ૨-૪ ડીગ્રીનો વધારો થવાની સંભાવના છે. આવતા સપ્તાહની શરૂઆતમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, દક્ષિણ હરિયાણા અને દક્ષિણ ઉત્તરપ્રદેશના ભાગોમાં હળવાથી ખૂબ જ હળવો વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે પંજાબ, હરિયાણા અને ઉત્તર રાજસ્થાનના ભાગોમાં ગાઢથી લઈને ખૂબ જ ગાઢ ધુમ્મસની પણ આગાહી કરી છે. ગાઢ ધુમ્મસને કારણે ઓછી વિઝિબિલિટીના કારણે ગુરુવાર દિલ્હી જતી ઓછામાં ઓછી ૨૬ ટ્રેનો મોડી પડી હતી. આ સિવાય વિમાનોના સંચાલનને પણ અસર થઈ હતી. વાઈસ પ્રેસિડેન્ટ જગદીપ ધનખરે જમ્મુ શહેરમાં તેમનો કાર્યક્રમ રદ્દ કરવો પડ્યો હતો, કારણ કે ખરાબ હવામાનને કારણે તેમનું વિમાન જમ્મુ એરપોર્ટ પર ઉતરી શક્યું ન હતું અને પ્લેનને પઠાણકોટ તરફ વાળવામાં આવ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૮ અને ૯ જાન્યુઆરીએ હળવો વરસાદ અથવા ઝરમર ઝરમર વરસાદ પડવાની શક્યતા છે. હવામાનમાં ફેરફારને કારણે વરસાદના કારણે તાપમાનમાં વધારો થઈ શકે છે. એવી સંભાવના છે કે, ૧૦ જાન્યુઆરી સુધીમાં દિલ્હીનું મહત્તમ તાપમાન પાંચ ડીગ્રી સેલ્સિયસ વધી શકે છે અને પારો ૧૭ ડીગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. વિભાગનું માનવું છે કે, વરસાદને કારણે હવામાનમાં ફેરફાર થઈ શકે છે. આનાથી આકાશ સાફ થઈ જશે, જેનાથી સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

સુરક્ષિત છે, તેવું મનાય છે. આ કારણે એનડીએ ઉત્તર ભારત માટે ઓવરકોન્ફીડન્સ ના હોવાથી ત્યાં સેંધ લગાવવાની રણનીતિ પણ કોંગ્રેસે ઘડી કાઢી હોવાના અહેવાલો છે.

ઉત્તર ભારતમાં ઈન્ડિયા ગઠબંધનના સાથીદાર પક્ષો કોંગ્રેસને બહુ જાજી બેઠકો ફાળવે, તેવું જણાતુ નથી, તેવા સંજોગોમાં કોંગ્રેસ પ્લાન-બી અમલમાં મૂકીને 'ઓપરેશન યુ.પી. પ્લાન માયા' અમલમાં મૂકવા જઈ રહી હોવાના અહેવાલો પણ છે. : 'ઓપરેશન યુ.પી. પ્લાન માયા' હેઠળ કોંગ્રેસ માયાવતી ને ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ કરીને ઉત્તરપ્રદેશમાં ભાજપ સામે પડકાર ઊભો કરવા માંગે છે, જો ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી એકજૂથ થઈ જાય અને માયાવતી ઈન્ડિયા - ગઠબંધનમાં સામેલ થઈ જાય તો ભાજપ-એનડીએના ઉમેદવાર સામે ઈન્ડિયા ગઠબંધનનો પણ એક સત્તાવાર ઉમેદવાર ઊભો રહે, અને તેવા સંજોગોમાં સરેરાશ ૪૦ ટકા જેટલા મતો મેળવતા ભાજપને વિજય મેળવવો મુશ્કેલ બની શકે છે. એટલું જ નહીં, માયાવતીનો અન્ય રાજ્યોમાં પણ પ્રભાવ છે અને ગુજરાત સહિત ડઝનેક રાજ્યોમાં બીએસપીના ઉમેદવારો માત્ર વિધાનસભા-લોકસભામાં જ નહીં, પરંતુ પાલિકા-પંચાયતોમાં પણ મેદાનમાં ઉતારતા હોય છે. તેથી જો માયાવતી ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ થઈ જાય, તો ભાજપ માટે સાદી બહુમતી મેળવવાનો પડકાર ઊભો થઈ શકે તેમ હોવાના તારણો નીકળી રહ્યા છે.

આ તમામ સમીકરણો ધ્યાનમાં રાખીને જ આ વખતે ભાજપે દક્ષિણ ભારતમાં પણ એડીચોટીનું જોર લગાવ્યું છે, એ અત્યારથી જ વડાપ્રધાન મોદીના શ્રેણીબદ્ધ કાર્યક્રમો યોજાઈ રહેલા જણાય છે.

કોંગ્રેસે 'ઓપરેશન યુ.પી. પ્લાન માયા'ના માધ્યમથી ભાજપની દલિત વોટબેંક પર સેંધ મારવાની સાથે સાથે ૧૪ મી જાન્યુઆરીથી બીજી યાત્રા શરૂ કરવાની ઘોષણા પણ કરી છે. મણીપુરથી ૧૪ જાન્યુઆરીથી શરૂ થનારી ભારત ન્યાય યાત્રાનું નામ ફરી એક વખત બદલાયું છે અને હવે આ યાત્રાનું નામ ભારત જોડો ન્યાયયાત્રા અપાશે. તેવા અહેવાલો પણ આવ્યા છે, અને આ યાત્રામાં ઈન્ડિયાના નેતાઓને જોડાયા માટે આમંત્રિત કરાય, તેવા પણ સંકેતો છે.

હકીકતમાં રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા છતાં પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓમાં પશ્ચિમ-ઉત્તરભારતના રાજ્યોમાં કોંગ્રેસને ધાર્યા મુજબની સફળતા મળી નહીં, તેથી મણીપુરને સાંકળીને 'ભારત ન્યાય યાત્રા' શરૂ કરવામાં આવી અને 'ભારત જોડો યાત્રા' પડતી મૂકવામાં આવી, તેવા કટાક્ષો થઈ રહ્યા હતા અને યાત્રાનું નામ બદલી નાખવાની 'બ્રાન્ડ' સુધરી નહીં જાય, તેવો વ્યંગ ભાજપ-એનડીએ દ્વારા થતો હતો તેથી કોંગ્રેસે ભારત ન્યાય યાત્રાની વચ્ચે 'જોડો' શબ્દ પ્રયોગને લઈને પણ ઉપહાસ કરવામાં આવી રહ્યો છે, પરંતુ કોંગ્રેસને રાહુલ ગાંધીની નવી 'ભારત જોડો ન્યાય યાત્રા' પછી ઉત્તરભારતમાં કોંગ્રેસનો ખોલાયેલો જનાધાર પાછો મળશે, તેવી આશા છે.

પાંચ વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસે મણીપુરનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો હતો અને મોદીના ઉદ્યોગપતિ મિત્ર અદાણી+હિન્ડબર્ગના રિપોર્ટનો આધાર બનાવીને ભાજપ સામે રાહુલ ગાંધીએ આક્રમક પ્રચાર કર્યો હતો, જેને એ ચૂંટણીઓમાં ઉત્તરભારતમાં બહુ મોટું જનસમર્થન મળ્યું નહીં હોવાથી કોંગ્રેસે 'ભારત ન્યાય યાત્રા'ની જાહેરાત કરી, તો ભાજપ દ્વારા ટીકા થઈ કે કોંગ્રેસની 'ભારત જોડો યાત્રા' ફેઈલ થઈ જતાં નામ બદલ્યુ, પરંતુ તેથી 'બ્રાન્ડ' નહીં બદલી જાય.... આ કારણે કોંગ્રેસે ભારત જોડો ન્યાય યાત્રા નામ રાખ્યું છે, જોઈએ હવે શું થાય છે તે.....

હવામાન ખાતાની આગાહી

ગુજરાતમાં સોમ-મંગળવારે માવઠું

હવામાન ખાતાની આગાહી મુજબ સોમવારથી ૬. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં તેમજ ઉ. ગુજરાતમાં હળવો કમોસમી વરસાદ પડશે. વરસાદી માહોલના કારણે બેવડી ઋતુની અનુભૂતિ થશે. યોમાસાના નવસારી, વલસાડ, ડાંગ, સૌરાષ્ટ્રના જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં હળવો કમોસમી વરસાદ થશે, જ્યારે મંગળવારે ઉ. ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મધ્ય ગુજરાતના મહીસાગર, દાહોદ અને સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, જૂનાગઢમાં માવઠું થવાની આગાહી છે.

દ્વારકાના જગતમંદિરે નવા વર્ષે સતત ચોથા દિવસે મનોરથના દર્શનથી ભક્તો થયા ધન્ય

(તસ્વીરઃ રવિ બારાઈ)

દ્વારકાધીશ જગતમંદિરમાં હાલમાં ચાલી રહેલા ધનુર્માસ દરમ્યાન ચાર પૈકીનો ત્રીજો દિવસ ધનુર્માસની પરંપરા અનુસાર ઉજવાયો હતો. વહેલી સવારે ૫-૩૦ કલાકે મંગલા આરતી પછી શ્રીજીના બંધ પડદે અભિષેક સ્નાન બાદ શ્રીજીને અન્નકૂટ મનોરથ ઠાકોરજીના ભક્ત પરિવાર દ્વારા વારાદાર મયુરભાઈ પૂજારીના સૌજન્યથી યોજવામાં આવ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૪ ની શરૂઆતમાં આજે સતત ચોથા દિવસે ઠાકોરના મનોરથ દર્શન યોજાયા હતાં. શુક્રવારના કેસરી વાઘા અને અલંકારો સાથેના શ્રીજીના દૈદિપ્યમાન શૃંગાર સાથેના મનોરથનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભક્તોએ નિહાળી ભાવવિભોર બન્યા હતાં.

શિક્ષણ મંત્રીની

બીન ઉપયોગ બોર બંધ કરવા અપીલ

ખંભાળીયા તા. ૫: ગુજરાતના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ રાજ્યના ૧૮ હજાર ગામડાઓમાં નજીકની શાળા, હાઈસ્કૂલ અને કોલેજના શિક્ષકો તથા છાત્રોને તેમની સંસ્થાની આજુબાજુમાં પરિભ્રમણ કરીને બીન ઉપયોગી ખુલ્લા બોર હોય તો તે શોધીને તેને બંધ કરવા અપીલ કરી છે. તાજેતરમાં કલ્યાણપુર તાલુકામાં એક ખુલ્લા બોરમાં માસુમ બાળકીનું પડી જવાથી મૃત્યુ થવાની ઘટના સંદર્ભમાં શિક્ષણ મંત્રીએ અનુરોધ કર્યો છે.

વિપશ્યના બાલ શિબિર

જામનગર તા. ૪: જામનગર વિપશ્યના સમિતિ દ્વારા ૮ થી ૧૬ વર્ષની વયના બાળકો માટે વિપશ્યના બાલ આનાપાન શિબિરનું નિઃશુલ્ક આયોજન આગામી રવિવાર તા. ૭-૧-૨૪ ના સવારે ૯-૩૦ થી ૧૧ દરમ્યાન ધમ્મ સદન જામનગર વિપશ્યના સમિતિ, ૨ આનંદ સોસાયટી, ખડખડનગર, નવાગામ ઘેડ, જામનગરમાં કરવામાં આવ્યું છે. જેમાં રજીસ્ટ્રેશન માટે તા. ૬ સુધીમાં મો. ૯૩૨૮૯ ૩૪૫૧૮, મો. ૯૯૦૯૦ ૧૦૨૪૫ નો સંપર્ક સાધવો.

ચિરવિદાય

મૂળ પસાયા બેરાજા હાલ જામનગરના વાણંદ જ્ઞાતિના અસ્મિતાબેન અમૃતલાલ મારૂ (ઉ.વ.૫૭) તે અમૃતલાલ (ચીનાભાઈ)ના ધર્મપત્ની તથા ધવલભાઈના માતા અને મનસુખભાઈના નાનાભાઈના પત્ની તથા રાજેશભાઈ અને કિશનભાઈના કાકીનું તા. ૨-૧-૨૪ ના અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૫-૧-૨૪ અને શુક્રવારે સાંજે ૪ વાગ્યે લક્ષ્મીનારાયણ વાણંદ જ્ઞાતિની સંસ્થામાં રાખવામાં આવ્યું છે.

જામનગર નિવાસી ગં.સ્વ. દયાકુંવરબેન (શાંતાબેન) મણિલાલ મહેતા (ઉ.વ.૧૦૦) તે બિહારીભાઈ (સેન્ટ્રલ બેંક), અતુલભાઈ (નેશનલ ઈન્સ્યોરન્સ કંપની), સ્વ. ભારતીબેન ચંદ્રવદન મહેતા (અમદાવાદ), નિલલબેન સુરેશભાઈ શાહ (મુંબઈ), ઉષાબેન હેમંતભાઈ પારેખ (અમદાવાદ)ના માતા, ચોલાબેન બિહારીભાઈ મહેતા (દિના બેંક), મીરાબેન અતુલભાઈ મહેતાના સાસુ, કુણાલ (બેંગ્લોર), હિરલ સૌરવ મહેતા તથા વિદિતા કરણભાઈ વિક્લાણીના દાદી, શ્વેતા કુણાલ મહેતાના દાદીજી સાસુનું તા. ૫-૧ ના અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તા. ૬-૧ ને શનિવારે સાંજે ૫ થી ૫-૩૦ દરમ્યાન પાબારી હોલ, તળાવની પાળ, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

જામનગર નિવાસી કુંદનબેન દિલીપભાઈ મેતા (ઉ.વ.૭૪) તે જમનાદાસ અમૃતલાલ વારીઆની પુત્રી તથા દિલીપભાઈ મેતા (પ્રકાશ પ્રિન્ટરીવાળા)ના પત્ની, તેમજ મનીષ તથા નીના ના માતા અને અલ્પા મનીષ મેતા અને નીરજકુમાર શેઠના સાસુ, તેમજ હિરન્સી અને પ્રશમના દાદી તેમજ દિનેશભાઈ, પ્રવિણાબેન, માલતીબેન, બીપીનભાઈ, પરેશભાઈ તથા જયરાજભાઈના બેનનું તા. ૪-૧-૨૪ ના અવસાન થયેલ છે.

ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી

સ્વ. વેલુબેન સામજીભાઈ તરાવિયા

સ્વ.તા.૦૫-૦૧-૨૦૨૦, રવિવાર, પોષ સુદ-૧૦

નથી કોવાત પણ સાથે છો, હરદમ એમ લાગ્યા કરે છે, હરપળ આપના હોવાનો આભાસ થયા કરે છે, કહોવાયેલી આપની વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદોમાં સતત આપના દર્શન થયા કરે છે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.....

માધવ ગ્રુપ - ઠેબા

સ્વ. વશરામભાઈ સામજીભાઈ તરાવિયા | શૈલેષભાઈ વી. તરાવિયા
બાબુભાઈ સામજીભાઈ તરાવિયા | નિતેષભાઈ વી. તરાવિયા
સવજીભાઈ સામજીભાઈ તરાવિયા | સંજયભાઈ બી. તરાવિયા
મનસુખભાઈ સામજીભાઈ તરાવિયા | કિશોરભાઈ બી. તરાવિયા
રમેશભાઈ સામજીભાઈ તરાવિયા | પરેશભાઈ બી. તરાવિયા
જેન્તીભાઈ સામજીભાઈ તરાવિયા | સુનીલભાઈ એસ. તરાવિયા
ચિંતનભાઈ એમ. તરાવિયા | કલ્પેશભાઈ એસ. તરાવિયા
દર્શિતભાઈ આર. તરાવિયા | પાર્થભાઈ જે. તરાવિયા

મીત એસ. તરાવિયા - તથા તરાવિયા પરિવારના જયશ્રી કૃષ્ણ

લોહાણા જ્ઞાતિને ગાળો

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

સામે કડક કાયદાકીય કાર્યવાહીની ઉગ્ર માગણી કરવામાં આવી છે. સલાયાના તમામ આગેવાનો અને યુવાનોએ સહીઓ કરી બંને શખ્સને કાયદાનો પાઠ ભણાવવાની માગણી કરી છે.

ઉપરોક્ત પ્રકરણના જામનગરમાં પણ ઘેરા પડઘા પડ્યા છે. જામનગરના લોહાણા યુવાનોની ગઈકાલે રાત્રે બેઠક મળ્યા પછી જામનગર લોહાણા મહાજનના પ્રમુખ અને હાલાર લોહાણા સમાજના પ્રમુખ જીતેન્દ્ર લાલે પોરબંદરના લોહાણા વેપારી સાથે જામનગરની રાજલક્ષ્મી બેકરીવાળા મનોજ ઉર્ફે મનુ ખેતવાણીએ કરેલી ટેલિફોનિક વાતચીતમાં સમગ્ર જ્ઞાતિ માટે કરેલા અભદ્ર ભાષાના પ્રયોગને વખોડી કાઢી રઘુવંશી સમાજના રોષનો પડઘો પાડ્યો છે.

ગઈકાલે રાત્રે લોહાણા જ્ઞાતિના યુવાનોની મળેલી બેઠક વખતે જામનગર લોહાણા મહાજન તથા સમસ્ત હાલાર લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ લાલ એક શોક પ્રસંગના કારણે બહારગામ હોવાથી ઉપસ્થિત રહી શક્યા ન હતા. તે પછી મોડીરાત્રે જામનગર આવી પહોંચેલા જીતુભાઈએ સમાજના આગેવાનો સાથે પરામર્શ કર્યા પછી આવતીકાલે જામનગરના કલેક્ટરને જામનગર લોહાણા મહાજનના હોદ્દેદારો, મહા સમિતિના સભ્યો, સમસ્ત હાલાર લોહાણા સમાજના હોદ્દેદારો અને વેપારીઓ સાથે મળી આવેદનપત્ર પાઠવવા આહ્વાન કર્યું છે.

આગામી દિવસોમાં આ પ્રકરણ કોઈ અનિચ્છનીય બનાવ સર્જે કે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાઈ તે પહેલાં પોલીસ તંત્ર પણ જવાબદારો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરે તેવી સમયની માગણી જોવાઈ રહી છે. એક વેપારી સાથે વ્યાપારિક સંબંધોમાં અને જ્યારે એક વેપારીએ પોતે મગાવેલા સામાનનું પૂરેપૂરૂ પેમેન્ટ કર્યું હોવા છતાં ઓનલાઈન પેમેન્ટની કોઈ ઘતિના કારણે પેમેન્ટ જમા બતાવતું ન હોવાના કારણ માત્રથી સમગ્ર સમાજને કાનમાંથી કીડા ખરી પડે તેવી ગાળો ભાંડવાનો ખરેખર કોઈને હક્ક ન હોઈ શકે. પેમેન્ટ કે વ્યાપારિક સંબંધમાં કોઈ ત્રુટી જણાતી હોય તો તેનો વાતચીતથી ઉકેલ લાવી શકાતો હતો અને વ્યાપારિક સંબંધથી સંકળાયેલા કોઈ વેપારીને તેની જ્ઞાતિને અનુલક્ષીને ગાળો ભાંડી તેના ગામમાં જઈ મારવાની ગર્ભિત ધમકી આપવી તે બાબત જ આ વેપારી બાપ-દીકરો પોતાના પૈસા અને ગ્રુપના પાવરથી કેટલા ગર્વમાં રાચતા હશે તેનો ખ્યાલ આવી શકે છે. બીજાના ગામમાં જઈને પણ 'ખેલ' કરવાની શેખી હાકનાર બાપ-દીકરાને આગામી દિવસોમાં તેઓની શેખી કેટલી મોંઘી પડે છે તે સમય બતાવશે પરંતુ તેણે જે રીતે સમગ્ર સમાજને ગાળો ભાંડી છે તેના રાજ્યભરમાં ઉગ્ર પડઘા પડ્યા છે. વેપારી જ્ઞાતિ ગણાતી લોહાણા જ્ઞાતિ સંબંધ બગાડવા કે લમણાઝીકમાં સક્રિય રીતે ઉતરતી નથી ત્યારે જ્ઞાતિને નબળી ગણી ગાળો ભાંડવી તે બાબત પણ વ્યાજબી લાગતી નથી.

જામનગરના લોહાણા જ્ઞાતિના સોશિયલ મીડિયાના કેટલાક ગ્રુપમાં પણ આ મુદ્દો ભારે રોષ સાથે ચર્ચામાં છે. જામનગરના બાપ-દીકરાની બેકરીના માલસામાનનો બહિષ્કાર કરવાથી માંડી આ શખ્સોને તેની ખો ભૂલાવી દેવા સુધીની કાયદાકીય કાર્યવાહી કરવા સમગ્ર સમાજ જ્યારે એકજૂથ થયો છે ત્યારે સમાજની લાગણીને ધ્યાને ન લેવામાં આવે તો તે રોષ અગ્નિ બનીને સપાટી પર આવી જાય તેવી શક્યતા પણ નકારી શકાય તેમ નથી.

આવતીકાલે કલેક્ટરને આવેદન આપવા સહિતની લડત માટે લોહાણા સમાજ દ્વારા પ્રતિક્રિયાઓ આપવામાં આવી રહી છે. ત્યારે પોરબંદર, દ્વારકા, સલાયા, ખંભાળિયા પોલીસમાં ઉપરોક્ત વિવાદિત વાતચીત વાળી રેકોર્ડિંગની પેનડ્રાઈવ પણ પોલીસને સોંપવામાં આવી છે. જેમાં આ શખ્સ જે લહેકામાં વાત કરે છે તે લહેકામાં તેનો પૈસા અને ગ્રુપનો પાવર ઉપરાંત શરાબનો નશો પણ બોલતો હોવાની શક્યતા નકારી શકાતી નથી. જો કે, આ શખ્સ સાથે સંકળાયેલા લોકો પણ મનુનો સ્વભાવ જ આવો છે અને ક્યારેક ક્યારેક છાંટા પાણીની પણ આદત ધરાવતો હોવાનું જાણવા મળી રહ્યું છે. આગામી દિવસોમાં આ લડત વધુ ઉગ્ર બને તે પહેલાં આ શખ્સ સામે કાયદાકીય કાર્યવાહી કરવા સમગ્ર રાજ્યના લોહાણા સમાજે એક અવાજે માગણી કરી છે.

ઘોર-અઘોરી

(પ્રકરણ : ૨)

'હવે થઈ ગયું એ થઈ ગયું.' વિનોદે ગિરધારીલાલ તરફ જોતાં કહ્યું, 'આપણને ક્યાં ખબર હતી કે આ મઠની નીચે સમાધિમાં કોઈ સંતની લાશ છે. હવે તો એ સંત ખુદ પોતે જ અહીંયાંથી ગાયબ થઈ ગયા છે, તો આપણે શું કરી શકીએ. ભગવાન આપણને માફ કરે એટલી પ્રાર્થના જ કરી શકીએ.'

થોડીક વાર શાંતિ છવાયેલી રહી. પછી ગિરધારીલાલે જ પોતાના હોઠ ખોલ્યા, 'સાહેબ, હવે આપનો શો હુકમ છે ?'

'આ સમાધિને પૂરી દો અને સડકનું ખોદકામ ચાલુ કરી દો.'

'સારું સાહેબ !' ગિરધારીલાલે કહ્યું. જોકે, એના ચહેરા પર ચિંતાની રેખાઓ સાફ દેખાતી હોય અને મજૂરોના માથે પણ ઘણો-બધો ભાર મૂકી દેવામાં આવ્યો હોય એવું એમના ચહેરા પર દેખાતુ હતું.

વિનોદ ધીમે પગલે ચાલતો-ચાલતો જીપ પાસે આવ્યો અને જીપમાં બેઠો. પછી એણે ગિરધારીલાલ તરફ જોયું. ગિરધારીલાલની નજર વિનોદની સાથે મળતાં જ એમણે બૂમ મારી, 'કામ શરૂ કરો, ખાડો પૂરો...!' અને નાછૂટકે કરતા હોય એ રીતે મજૂરોએ નીચે પડેલા કોદાળી-પાવડા ઉઠાવ્યાં. અમુક મજૂરોએ ખાડાને પૂરવા માટે માટી સરકાવવા માંડી અને અમુક મજૂરોએ આગળનું ખોદકામ શરૂ કર્યું.

થોડીક જ વારમાં ખાડો પુરાઈ ગયો અને ત્યાં સીધી-સપાટ જમીન લાગવા માંડી. હવે ત્યાં કાળો મઠ નહોતો-ખાડો નહોતો, ફક્ત સીધી-સપાટ જમીન જ હતી.

ગિરધારીલાલે વિનોદને હાથ અદ્ધર કર્યો. વિનોદે જીપ ચાલુ કરી અને હાથ અદ્ધર કર્યો પછી પોતાના તંબુ તરફ જીપ દોડાવી મૂકી. એ સાથે જ ગિરધારીલાલ ઘબ કરતા બાજુના રેતી અને પથ્થરના ઢગલા પર બેસી પડ્યા. એમના ચહેરા પર ફરીથી ચિંતાની રેખાઓ દેખાઈ રહી હતી. એમના મનમાં વારંવાર એક જ વાત વાગોળાતી હતી, 'પોતે જોયેલી લાશ ગઈ ક્યાં ? અને એ લાશ હતી કોની ?'

દૂર કામ કરી રહેલા મોહન મજૂરની નજર ગિરધારીલાલ પર પડી. એણે કોદાળી ખભા પર મૂકી અને ચાલતો-ચાલતો ગિરધારીલાલ પાસે આવ્યો. 'સાહેબ ! શું થયું ?' મજૂર મોહને પૂછ્યું એ સાથે જ ગિરધારીલાલ ચોંકયાં. 'કંઈ નહિ-કંઈ નહિ.' કહેતાં હસવાનો પ્રયત્ન કરતાં એ ઊભા થયા.

'સાહેબ ! જે થયું એ સારું તો નથી જ થયું, ઠે ને !' મોહન મજૂરે ગિરધારીલાલને કહ્યું.

'હા !' ગિરધારીલાલે એક શ્વાસ છોડતાં કહ્યું, 'જે થવાનું હોય છે એ થઈને જ રહે છે. એ પછી સારું હોય કે ખરાબ. હવે ભગવાન આ ગામને અને વિનોદબાબુને આફતમાંથી બચાવે.'

'ભગવાન આ ભૂલ માફ કરે.' કહેતાં મોહન મજૂર ફરી પોતાના કામની જગ્યાએ પહોંચ્યો અને કોદાળીથી ખાડો ખોદવા લાગ્યો.

ગિરધારીલાલ પણ પોતાના મનની શંકાઓ અને ચિંતાઓને ખંખેરતાં પોતાના કામે આગળ વધ્યા.

વિનોદ તંબુમાં પહોંચી ચૂક્યો હતો અને અત્યારે એ ખુરશી પર બેઠો હતો. એના મનમાં પણ ડર આંટા મારી રહ્યો હતો. એ ભણેલો-ગણેલો હતો. એ વહેમમાં માનતો નહોતો. અંધશ્રદ્ધાને હસી કાઢતો હતો, તેમ છતાંય અત્યારે એના મનમાં ડરની સાથે દુખ પણ હતું. એણે ગામવાળાઓ પાસેથી આ મઠ વિશે જાણી લીધું હોત તો સડકને થોડીક બાજુમાંથી પસાર કરી શકાત. મઠને તોડીને ખોદકામ કરવું પડત, પરંતુ એ મુશ્કેલ નહોતું.

પરંતુ હવે જે થવાનું હતું તે થઈ ગયું હતું. એમાં એનો વાંક નહોતો. વિનોદે વિચાર્યું અને આ ઘટનાને દિલ પરથી ભુલાવવા કોશિશ કરવા લાગ્યો અને થોડાક અંશે એ કોશિશમાં સફળ પણ થયો. સાંજ સુધીમાં એ ઘટનાને ભૂલી પણ ગયો.

પરંતુ મજૂરો એ વાત ભૂલ્યા નહોતા. સાંજે મજૂરોના મોઢેથી ફેલાતાં-ફેલાતી આખાય ગામમાં એક-એક માણસ સુધી પહોંચી ગઈ.

ગામવાળાઓ નવાઈ અને થોડાક ભયથી આ ઘટનાને અલગ-અલગ માણસના મોઢે સાંભળી રહ્યા હતા. જેને કાને આ વાત જતી હતી એના કાન પર ખડા થઈ જતા હતા.

ગામનાં સહુથી વૃદ્ધ ૯૯ વરસના માવજીદાદાને કાને મોહન મજૂરે આ વાત નાખી, 'દાદા ! આજે વિનોદબાબુના કહેવાથી પેલો કાળો મઠ તોડવામાં આવ્યો અને...'

'શું....?' માવજીદાદાના કાને આ વાત જતાં જ તેઓ ખડા થઈ ગયા.

માવજીદાદાએ નવ્વાણું વરસ આ ધરતીની અને આ ગામની લીલી-સૂકી જોઈ હતી. આજે તેઓ નવ્વાણું વરસ અને ઉપર બે-ત્રણ મહિનાના થયા હોવા છતાંય એમનું શરીર કસાયેલું હતું. આજે પણ તેઓ જાતે ખેતરે જઈને કામકાજ સંભાળતા હતા. એ તંદુરસ્ત અને શક્તિશાળી હતા.

'હા, દાદા ! અને એ મઠ તોડ્યા પછી નીચેથી સમાધિ નીકળી હતી અને સમાધિ ખોદતાં....!'

'એક લાશ નીકળી હતી ને !' મોહન મજૂર આગળ બોલે એ પહેલાં જ માવજીદાદા બોલી ગયા.

'હા, દાદા, પણ તમને કઈ રીતે ખબ....'

'એ લાશ-લાશ નહોતી, ત્યારથી ઓળખું છું. મતલબ કે એ લાશ-એ અઘોરી જીવતો હતો ત્યારે મેં એને જોયો હતો. એ....એ ખૂબ જ જાલીમ અને ખતરનાક હતો....

મેલી વિદ્યાનો એ જાણકાર હતો. એના રસ્તામાં આવનારને એ પળમાં ખતમ કરી નાખતો હતો. ગામ આખાયમાં એણે હાહાકાર અને કાળો કેર મચાવી મૂક્યો હતો. ગામલોકો એના પડછાયાથી પણ ડરતા હતા.

અઘોરીનો રસ્તો રોકનાર, એની વાત ન માનનારને એ પોતાની મેલી વિદ્યાથી મોતને હવાલે કરી દેતો હતો.

પણ....પણ....તમે એ લાશને ફરી દફનાવી દીધીને....મઠ પાછો ખડો કરી દીધો ને ?'

'ના...એ લાશ ગાયબ થઈ ગઈ છે.'

'શું....? ! ?' કહેતાં માવજીદાદા નીચે ફસડાઈ પડ્યા. 'હે ભગવાન ! આ ગામ અને વિનોદબાબુને એ અઘોરીથી બચાવજે...'

ooo

રાતના લગભગ આઠ વાગ્યા હતા. ગીતા સોફા પર બેઠી હતી અને વિનોદ એના ખોળામાં માથું મૂકીને સૂતો હતો. એની આંખો મીંચાયેલી હતી. અને ગીતા વિનોદના ગાલ અને વાળ પર પોતાનો કોમળ હાથ ફેરવી રહી હતી.

એટલામાં જ બારણું કોઈએ ખટખટાવ્યું. 'ઠક' વિનોદના ચહેરા પર અણગમો આવ્યો.

'જુઓ ! ઊઠો હવે, જુઓ તો ખરા કોણ છે ?' ગીતાએ ઠોઠ કરડતાં કહ્યું.

ફરી દરવાજો ખટખટાયો.

દરવાજો કોઈ અધીરાઈથી ખટખટાવતું હોય એવું લાગતું હતું.

'ઓહ.....' કહેતાં વિનોદ ઊઠ્યો અને દરવાજો ખોલવા આગળ વધ્યો.

હજુ પણ કોઈ અધીરાઈપૂર્વક દરવાજો ખટખટાવી રહ્યું હતું.

'ખોલું છું...!' કહેતાં વિનોદે દરવાજાની સ્ટોપર ખોલી.

સામે પઠાનભાઈ ઊભા હતા.

જગનપુરમાં જે લોકો સાથ